Periodic Assessment Test

Std-6 Gujarati September, 2020

Time-1 Hour Marks:25

(L.O.- Learning Outcome)

L.O. Reads and interprets story / paragraph.

**પ્રશ્ન- ૧ નીચે આપેલ ફકરો વાંચો. અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** (5)

બગદાદ શહેરમાં શેખ અબ્દુલ્લાનો પરિવાર રહેતો હતો. શેખ અબ્દુલ્લા ખૂબ જ ધાર્મિક હતા. દર વર્ષે હજ પર અનેક લોકો જતા ત્યારે તેમને પણ હજ કરી આવવાની તીવ્ર ઇચ્છા રહેતી, પરંતુ ગરીબીને કારણે તે હજ કરવા જઈ શકતા ન હતા. એક વર્ષે જ્યારે બગદાદના લોકો હજ માટે નીકળ્યા ત્યારે શેખ અબ્દુલ્લાને તેમની ગરીબાઇને કારણે હજમાં ન જોડાઇ શકવાનું ભારે દુ:ખ થયું. તેઓ વિચારવા લાગ્યા - જો મારી પાસે પૈસા હોત તો હું પણ હજ કરી પુણ્ય મેળવત. શેખ અબ્દુલ્લાને હજ કરવા જવાનું વારંવાર યાદ આવતું પરંતુ તેઓ મન મારીને બેસી જતા. એક વખત રાત્રે તેઓ સૂઈ ગયા હતા અને અચાનક તેમની ઊંઘ ઊડી ગઇ. તેમને કોઇ નો અવાજ સંભળાયો. તેઓ શાંતિથી સાંભળી રહ્યા. વાત કરવાવાળા બે ફરિશ્તા હતા. એક ફરિશ્તાએ બીજાને પૂછ્યું, “હે ભાઇ, આજે જે લોકો મક્કા શરીફમાં હજ કરી રહ્યા છે, શું ખુદાએ તે બધાની હજ કબૂલ કરી દીધી છે ?”

(૧) શેખ અબ્દુલ્લાનો પરિવાર ક્યાં રહેતો હતો?

(૨) શેખ અબ્દુલ્લાને કઈ ઈચ્છા હતી?

(૩) શેખ અબ્દુલ્લાએ કોને વાત કરતાં સાંભળ્યા?

(૪) શેખ અબ્દુલ્લા શા માટે હજમાં જોડાઇ શકતા ન હતા?

(૫) બગદાદના લોકો હજ કરવા ક્યાં જતા હતા?

L.O. Asks questions to acquire information and answers the questions.

**પ્રશ્ન- ૨ નીચે આપેલા ચિત્રના આધારે પ્રશ્નોના જવાબ લાખો.** (5)



૧. આ ચિત્રમાં શું શું દેખાય છે ?
૨. ચિત્ર શાનું છે ?
3 છોકરો અને છોકરી શું કરે છે ?
૪. વૃક્ષ વિષે બીજા બે સુત્રો લખો.
૫. આ ચિત્ર પરથી કયો સંદેશ મળે છે ?

L.O. Knows around (500) new words and learns to use them.

**પ્રશ્ન- 3 (અ) નીચે આપેલા શબ્દો માટે કૌંસમાં આપેલ વિકલ્પોમાંથી સાચા અનુપ્રાસવાળા શબ્દો શોધીને લખો.**

(ધારી, તડકો, બંડી, ગામ, પાર )

૧. ઠંડી – 3

૨. મારી –

3. સડકો –

**(બ) નીચે આપેલા બંને શબ્દોનો ઉપયોગ કરી એક વાક્ય બનાવો.**

૧. તડકો – બરફ 2
૨. દુધી – ચોપડો

L.O. Develops awareness of the relationship between words and will be able to understand the reading details.

**પ્રશ્ન- ૪ આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી એના પર ◯ કરો.** 5

(૧) કાંઈ શાન/ સાનમાં મુક્યા વગર મારાથી પાઈ પણ લેવાય નહિ.

(૨) લાખાએ ડાઘિયાને ઈશારો / ઈસારો કર્યો.

(3) વાણિયાએ આ બધી વાત ચિટ્ટંકી / ચિઠ્ઠીમાં લખી.

(૪) આ કૂતરાએ મારી શાખ / સાખ ઉપર પાણી ફેરવ્યું.

(૫) લાખો પૈશા / પૈસા આપવા ગયો.

L.O. Understands through games, activities, interview, inquiries.

**પ્રશ્ન- ૫ નીચેનાં ઉખાણા વાંચી કોષ્ટકમાંથી ઉખાણાનાં જવાબની ફરતે ◯ કરો.** 5

(૧) સવારે આવે, સાંજે જાય,
કોઈ ન જાણે ક્યાં સંતાય ?

(૨) એક પાન બીજું પાન, પાનની અંદર પાન,
લીલા-ધોળા પાંદડા, શું છે મારું નામ ?

(3) શરીર નહી પણ જન્મે ખરી,
મો નહી પણ કરે આવાજ,
જન્મી નહી ઝટ મરે,
ચતુર કરો વિચાર.

(૪) આમ જાઉં, તેમ જાઉં, જ્યાં જાઓ ત્યાં સાથે જાઉં,
નાનો થાઉં, મોટો થાઉં, ઊંઘી જાઉં તો સંતાઈ જાઉં.

(૫) દુનિયા આખી ઘરમાં લાવે,
કામ ફટાફટ કરતુ,
જ્ઞાનની સૌ બારીઓ ખુલ્લી
એક જ ક્લિકમાં કરતું.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રી | હો | લો | સો | લ | કો | ય | લ |
| ક | ઠ | બે | ભેં | યો | બી | ગા | ડી |
| બ | ઊં | સ | છા | લ | જ | ર | સૂ |
| હીં | ટ | ડ | ભૂં | બા | ચે | ટ | પ |
| ચ | પ | ટી | ગ | ળિ | ળ | મ્પ્યૂ | ડી |
| કો | પો | મે | ના | રં | ગી | ક | સી |